(1) NAVIC સેટેલાઈટ વિશે નીચેના વાક્યોમાંથી સત્ય ઓળખો.

1. તે છ સેટેલાઈટનો સમુહ છે.
2. તેના દ્વારા ભારતના પ્રદેશોનું કવરેજ સુનિશ્ચિત થાય છે.
3. હાલમાં ઈસરો દ્વારા તે જૂથમાં એક સેટેલાઈટને બદલવા NVS-01 લોન્ચ કરાયો.

(A) 1 અને 2 (B) 1 અને 3
(C) 2 અને 3 (D) આપેલ તમામ

- Explanation
- (C) 2 અને 3
- સમાચારમાં કેમ છે?
- હાલમાં ઈસરો દ્વારા NAVIC ના IRNSS-IG ને બદલી NVS 01 લોન્ચ કર્યું.
- NAVIC ને IRNSS નામથી પણ ઓળખાય છે જેમાં 7સેટેલાઈટના સમૂહનો સમાવેશ થાય છે (IRNSS I-A થી IRNSS I-G)
- તે તમામ સેટેલાઈટ 2013 થી 2016 વચ્ચે લોન્ચ કરાયેલ હતા જેનાથી 3 સેટેલાઈટ geostationary ભ્રમણ કક્ષામાં તેમજ 4 geosynchronous ભ્રમણ કક્ષામાં છે
- તેનો મુખ્ય હેતુ સ્થિતિ, નેવિગેશન અને સમય સેવાઓ પ્રદાન કરવાનો છે

(2) 100 days 100 pays ઝુંબેશ વિશે નીચેના સાચાં વિધાનો ધ્યાને લો.

1. તે NPCI દ્વારા ચાલુ કરવામાં આવેલ ઝુંબેશ છે.
2. તેના મુખ્ય હેતુ 100 દિવસમાં ટોચની 100 દાવા વગરની થાપણોની પતાવટની છે.

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 (D) એક પણ નહીં

- Explanation
- (B) માત્ર 2
- સમાચારમાં કેમ છે?
- RBI 1 જૂન 2023 થી આ ઝુંબેશ ચાલુ કરી છે.
- આ ઝુંબેશનો મુખ્ય હેતુ બિન દાવાવાળી થાપણની પતાવટનો છે.
- તેમાં દરેક જિલ્લાની દરેક બેંકમાં ટોચની 100 બિનદાવાની થાપણની (unclaimed deposit) પતાવટ થશે.
- આ કાર્ય કુલ 100 દિવસમાં સમાપ્ત થશે.

વર્લ્ડ ઈનબોક્સ એકેડમી

(3) ઈચ્છા મૃત્યુ વિશે નીચેના વિધાનોમાંથી અસત્ય પસંદ કરો.

1. ભારતમાં નિષ્ક્રિય ઈચ્છા મૃત્યુની પરવાનગી છે.

2. ઈચ્છા મૃત્યુનો અધિકાર અનુચ્છેદ 19 થી મળે છે.

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 (D) એક પણ નહીં

- Explanation
- (B) માત્ર 2
- સમાચારમાં કેમ છે ?
- પોર્ટુગલ દેશમાં ઈચ્છામૃત્યુંને કાયદેસર બનાવ્યું હોવાથી
- ભારતમાં સ્થિતિ: અરુણા શાનબાગ કેસ, 2011 બાદ સર્વોચ્ચ અદાલતને નિષ્ક્રિય ઇચ્છામૃત્યુને કાયદેસર કરવાની પરવાનગી આપી છે
- ઈચ્છા મૃત્યુના અધિકાર અનુચ્છેદ 21 માં જીવન જીવવાના અધિકાર સાથોસાથ ગરિમાપૂર્ણ મૃત્યુનો અધિકાર રહેલો છે [જ્ઞાનકોર કેસ, 1997]

(4) સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નિર્ધારિત ટકાઉ વિકાસના ધ્યેય (SDG) ના સ્થાનિકીકરણને અપનાવનાર ભારતનું પ્રથમ શહેર કયું બન્યું ?

(A) અમદાવાદ (B) ઈન્દોર
(C) ભોપાલ (D) પુણે

- Explanation
- (C) ભોપાલ
- સમાચારમાં કેમ છે ?
- 12 મે 2023 ના રોજ ભોપાલ શહેર દ્વારા એજન્ડા ફોર એક્શન સસ્ટેનેબલ અર્બન ટ્રાન્સફોર્મેશનની શરૂઆત થઈ.
- આ શરૂઆતની સાથે જ ભોપાલ ભારતનું પ્રથમ એવું શહેર બની ગયું કે જેણે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નિર્ધારિત ટકાઉ વિકાસના ધ્યેયના સ્થાનિકીકરણને અપનાવ્યું.

વર્લ્ડ ઈનબોક્સ એકેડમી

(5) નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ? [Dy. SO 27/202021]

1. બાબરના હિંદ આક્રમણ સમયે બંગાળમાં હુસેન વંશનું શાસન ચાલતું હતું.
2. બાબરના હિંદ આક્રમણ સમયે કશ્મીરમાં મોહમ્મદ શાહ રાજ કરતો હતો.
3. બાબરના હિંદ આક્રમણ સમયે ગુજરાતમાં સુલતાન મુઝફ્ફર શાહ બીજો રાજ્ય કરતો હતો.

(A) ફક્ત 1 અને 2
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3
(D) 1, 2 અને 3

- Explanation
- (C) ફક્ત 1 અને 3
- બંગાળમાં ઈ.સ. 1494-1538 વચ્ચે હુસેન શાહી વંશ સત્તામાં હતો તથા તેનો શાસક નસરુદ્દીન નઝરત શાહ (1518-33) બાબર આક્રમણ દરમિયાન બંગાળમાં સત્તામાં હતો
- બાબરના હિંદ આક્રમણ દરમિયાન ગુજરાતમાં મુઝફ્ફર શાહ બીજો (1511-26) શાસનમાં હતો (મૂળ નામ ખલીલ ખાન - મહમ્મુદ બેગડાનો પુત્ર)
- કશ્મીરમાં ઈ.સ 1526 માં ખરીદ બશીર અહેમદનું શાસન હતું ઈ.સ 1346-1580 વચ્ચે શાહમીર ચાક અને દૂરાની વંશનું શાસન હતું

(6) શેરશાહ સુરીનું મૂળ નામ__________હતું. [Dy. SO 27/202021]

(A) હુસેન
(B) ફરીદ
(C) અબ્દુલ
(D) રસુલ

- Explanation
- (B) ફરીદ
- શેરશાહ સુરીનું મૂળ નામ ફરીદ હતું જેણે ઇ.સ. 1540 માં મુઘલ વંશના સ્થાને સુરવંશની સ્થાપના કરી.
- 1545 માં તેનું મૃત્યુ થયું.